Extra No. 233

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

**EXTRAORDINARY**

**[PUBLISHED BY AUTHORITY]**

**Vol. LXVI ]** **TUESDAY, JUNE 24, 2025 / ASADHA 3, 1947**

**Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation**

# PART -I

## SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

**કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા**

**આમુખ:-**

(૧) પોલીસ અધિક્ષકશ્રી, સાબરકાંઠાના તા.૧૮/૦૬/૨૦૨૫ના પત્ર ક્રમાંક: ટ્રાફિક/પ્રાંતિજ મતગણતરી/જાહેરનામું/પ્રસિધ્ધી/૬૨૫/૨૦૨૫

**જાહેરનામું**

**ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(બી), ૩૩(૧)(સી) અન્વયે વાહનવ્યવહાર નિયમન અંગેનું**

નં.પી.ઓ.એલ-૨/રોડ ડાયવર્ઝન/જાહેરનામું/વશી/૮૯૭/૨૦૨૫.-આમુખ-(૧)ના પત્રની વિગતે તા.૨૨/૦૬/૨૦૨૫ના રોજ પ્રાંતિજ પોલીસ સ્ટેશન વિસ્તારમાં ગ્રામ પંચાયતની ચૂંટણી અંગે મતદાન થયેલ છે અને તા.૨૫/૦૬/૨૦૨૫ના રોજ કુલ-૩૭ ગ્રામ પંચાયતની મતગણતરી થનાર છે. જે મતગણતરી સ્થળ વી.એસ.રાવલ પી.ટી.સી. કોલેજ રેલ્વે સ્ટેશન રોડ, પ્રાંતિજ તા.પ્રાંતિજ ખાતે રાખવામા આવેલ છે. જે મતગણતરી સ્થળ આગળ પ્રાંતિજ થી તલોદ તરફ જતો તથા આવતો મેઈન રોડ આવેલ છે અને આ રોડ ઉપર દિવસ દરમ્યાન ડમ્પર, ટ્રક જેવા ભારે વાહનો પસાર થાય છે. તેમજ નાના વાહનો જેવા કે ટેમ્પો, જીપ, મારૂતી, રીક્ષા, મોટર સાયકલ પસાર થાય છે અને આ દિવસે મતગણતરી હોવાથી ગામડાઓમાંથી સરપંચ/સભ્ય ઉમેદવારોની સાથે ગણી મોટી જનસંખ્યા વાહનો સહિત આવતી હોય છે અને રોડ ઉપર આ માણસોની અવર-જવર થવાને લીધે તેમજ આ ભારે વાહનોથી ટ્રાફીક સમસ્યા ન સર્જાય અને કોઈ અકસ્માત ન બને તે સારુ વૈકલ્પિક રૂટ ઉપર આ ભારે વાહનોનુ ડાયવર્ઝન આપવુ ટ્રાફીકના સુચારૂ સંચાલન માટે હિતાવહ હોય તા.૨૫/૦૬/૨૦૨૫ના કલાક ૦૬/૦૦ થી મતગણતરી પૂર્ણ થાય ત્યાં સુધી ભારે વાહનો વૈકલ્પિક રૂટ ઉપર અવર-જવર કરે તે સારૂ જાહેરનામુ પ્રસિધ્ધ કરવા વિનંતી કરેલ છે.

વાસ્તે,તા.૨૫/૦૬/૨૦૨૫ના રોજ પ્રાંતિજ વિસ્તારમાં વી.એસ.રાવલ પી.ટી.સી. કોલેજ રેલ્વે સ્ટેશન રોડ, પ્રાંતિજ તા.પ્રાંતિજ ખાતે ગ્રામ પંચાયત ચૂંટણી-૨૦૨૫ની મતગણતરી થનાર હોઈ નીચે મુજબના વૈકલ્પિક રસ્તાનો ઉપયોગ કરવાનો રહેશે.

સબબ, હું લલિત નારાયણ સિંઘ સાંદુ(આઈ.એ.એસ.), કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા જિલ્લો ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ ૩૩ (૧) (બી) તથા ૩૩ (૧) (સી) અન્વયે મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું.

**-:: જાહેરનામાનો પ્રતિબંધિત વિસ્તાર અને વૈકલ્પિક રસ્તાનો રૂટ::-**

| અ.નં. | પ્રતિબંધિત રસ્તો | વૈકલ્પિક રસ્તો |
|---|---|---|
| ૧ | પ્રાંતિજ હાઈવે ત્રણ રસ્તા તરફથી પ્રાંતિજ રેલ્વે રોડે થઈ વાવડી ચોકડી તલોદ તરફ | પ્રાંતિજ હાઈવે ત્રણ રસ્તાથી સલાલ ચોકડી, સોનાસણ, રામપુરા ચોકડી થઈ વાવડીથી ચોકડી તલોદ તરફ |
| ૨ | વાવડી ચોકડી તલોદ તરફથી પ્રાંતિજ રેલ્વે સ્ટેશન રોડે થઈ પ્રાંતિજ હાઈવે ત્રણ રસ્તા તરફ | તલોદ વાવડી ચોકડી તરફથી રામપુરા ચોકડી થઈ સોનાસણ, સલાલ ચોકડી થઈ પ્રાંતિજ તરફ |

**-:: જાહેરનામાનો પ્રતિબંધિત સમયગાળો ::-**

આ હુકમ તા.૨૫/૦૬/૨૦૨૫ના કલાક ૦૬/૦૦ થી મતગણતરી પૂર્ણ થાય ત્યાં સુધી અમલમાં રહેશે.

**- :: જાહેરનામા મુજબ પ્રતિબંધિત કૃત્યો ::-**

પ્રતિબંધિત વિસ્તારમાં તમામ ભારે વાહનોના અવર-જવર ઉપર પ્રતિબંધ ફરમાવવા હુકમ કરવામા આવે છે.

**-::આ હુકમમાં નીચે મુજબ અપવાદ છે.::-**

સીવિલ હોસ્પિટલના દર્દીઓ, ઇમરજન્સી સેવાઓ સાથે સંકળાયેલ સ્ટાફ,એમ્બ્યુલન્સ વાન તેમજ ચૂંટણી સાથે જોડાયેલ તમામ સરકારી અધિકારીશ્રીઓ/કર્મચારીશ્રીઓ અને ચૂંટણી ઉમેદવારોના વાહનોને મુક્તિ આપવામાં આવે છે.

**-::જાહેરનામાનો ભંગ કરતાં દંડની જોગવાઈ ::-**

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૧ હેઠળ સજા/દંડને પાત્ર થશે.

આ હુકમ અન્વયે સાબરકાંઠા જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ સબ ઈન્સ્પેકટર કે તેનાથી ઉચ્ચ હોદ્દો ધરાવનાર તમામ અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ગુજરાત પોલીસ અધિનિયમ કલમ-૧૩૧ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૨૩ જુન, ૨૦૨૪ના રોજ મારી સહી તથા કચેરીનો સિકકો કરી આપ્યો.

**લલિત નારાયણ સિંઘ સાંદુ**
કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ
સાબરકાંઠા-હિંમતનગર.

---------------

Signature Not Verified
Signed by:MAHENDRA DHARKAR
Date: 2025.07.10 18:50:38 +05:30
Reason: Validate Document
Location: Government Press & Stationery, Vadodara

Government Press & Stationery, Vadodara.